# ગાંધીનગર ખાતે રાજ્ય પાઠ્ય પુસ્તક મંડળના ઉપક્રમે એક દિવસીય 'શૈક્ષણિક વિચારગોષ્ઠિ' યોજાઈ

ગાંધીનગર, તા. ૬

પાઠય પુસ્તકો દ્વારા બાળકોના અભ્યાસની સાથે સાથે તેમનું સર્વાંગી ઘડતર કરવું ખૂબ જ જરૂરી છે, તેમ આજે ગુજરાત રાજય શાળા પાઠય પુસ્તક મંડળના ઉપક્રમે ગાંધીનગર ખાતે યોજાયેલ એક





દિવસીય શૈક્ષણિક વિચારગોષ્ઠિ કાર્યક્રમના અધ્યક્ષ અને શિક્ષણ મંત્રી શ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું.

મંત્રીશ્રી ચુડાસમાએ સપ્તાહમાં એકવાર દરેક શાળામાં નૈતિક મૂલ્યોનો એક વર્ગ-તાસ હોવો જોઈએ. જેમાં અલગ અલગ શિક્ષકો દ્વારા સફળ મહાનુભાવો પ્રેરક પ્રસંગો બાળકો સામે રસપ્રદપૂર્વક રજૂ કરવા તેમજ મનુષ્ય તુ બડા મહાન હૈ ગીતને ગવડાવવા કરતા તેને બાળકના ધોરણ-સમજ પ્રમાણે તેને ભણાવવામાં આવે તો સાચા અર્થમાં તે વિદ્યાર્થીના જીવનમાં ઉપયોગી સાબિત થશે. તેનો અમલ કરવા ઉપસ્થિત સર્વે પાઠય પુસ્તક લેખકો - શિક્ષકોને મંત્રી શ્રી ચુડાસમાએ અનુરોધ કર્યો હતો.

રાજયકક્ષાના શિક્ષણ મંત્રી શ્રી નાનુભાઈ વાનાણીએ આજની શૈક્ષણિક વિચારગોષ્ઠિ અતિ મહત્વની ગણાવતા જણાવ્યું હતું કે, વિદ્વાન લેખકો દ્વારા તૈયાર કરતા પાઠય પુસ્તકોમાં બાળકો અને ભારતનું ભાવિ સમાયેલું છે. રાષ્ટ્રીય સ્તરે શિક્ષણમાં સુધારા માટેના કોઠારી પંચના અહેવાલમાં પણ પાઠય પુસ્તકોમાંના હવે રાષ્ટ્રીય પુનઃનિર્માણ સબંધિત વિષયો ઉપર ભાર મૂકવા જણાવાયું છે. પાઠય પુસ્તકોમાં મગજ, હૃદય અને ક્રિયાના મજબૂતીકરણની સાથે સાથે હિંમતના પાઠ પણ ઉમેરવા જોઈએ.

એક દિવસીય વિચાર ગોષ્ઠિમાં એન.સી.એફ.નું ગુજરાત રાજયના પાઠય પુસ્તકોમાં અમલીકરણ અંગે ડૉ.અશોકભાઈ પટેલ, ડૉ. આર.પી.જૈને, પાઠય પુસ્તક લેખનમાં સર્જનાત્મકતા ઉપર શ્રી અરૂણભાઈ યાર્દીએ તેમજ મુકત અભિપ્રાયો અને માર્ગદર્શન અંગે શ્રી અતુલભાઈ કોઠારીએ પોતાના વકતવ્યો આપ્યા હતા.

આ વિચાર ગોષ્ઠિમાં પાઠય પુસ્તક મંડળના કાર્યવાહક પ્રમુખ શ્રી ડૉ. નીતિન પેથાણીએ સ્વાગત પ્રવચન તેમજ આભારવિધિ ગુજરાત રાજય શાળા પાઠય પુસ્તક મંડળના નિયામક શ્રી ડૉ. ભરત પંડિતે કરી હતી.

શૈક્ષણિક વિચારગોષ્ઠિમાં લેખક શ્રી રઘુવીર ચૌધરી, કટાર લેખક ડૉ. ચંદ્રકાન્ત મહેતા, પાઠય પુસ્તક લેખનના વિષય નિષ્ણાતો, સલાહકારો, લેખકો, તજજ્ઞો સહિત મોટી સંખ્યામાં શિક્ષકો ઉપસ્થિત રહી ચર્ચા-વિચારણા કરી હતી.



## પ્રાંતિયાની સ્મૃતિ વિકાસ શાળા ખાતે વૃક્ષારોપણ યોજાયું

તાલુકાના પ્રાંતિયા સ્મૃતિ વિકાસ શાળા ખાતે વૃક્ષારોપણ અને ભજનકિર્તન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી વિજયભાઈ પરમાર ઉપસ્થિત રહ્યા હતાં. જિલ્લા બાળ સુરક્ષા એકમ ગાંધીનગરના ઉપક્રમે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે વારાહી મહિલા મંડળની બહેનો દ્વારા ભજન કિર્તન-સત્સંગ કાર્યક્રમ પણ યોજવામાં આવ્યો હતો. (તસવીર : નટુભાઈ પટેલ)

# સાચા અર્થમાં નોંધારાના આધાર બનીશું, બૂમ પડે ત્યાં પહોંચી જઈશુ : બાપુ

### દસક્રોઈ તાલુકાના ચાંદીયેલ પાસે સ્વરક્ષણ સમિતિ દ્વારા સંમેલન યોજાયું : દરેક ગામના દસ યુવાનો જાગી ગામની રક્ષા કરશે : પૂર્વ સાંસદ જગદીશ ઠાકોર અને વિપક્ષના નેતા શંકરસિંહ ઉપસ્થિત રહ્યા

ગાંધીનગર, તા.૬

છેલ્લા કેટલાક દિવસથી અમદાવાદ અને ગાંધીનગર જિલ્લાના ગામડાઓના રહીશોની નીંદર હણાઈ જવા પામી છે. ચોર લુંટારાઓની અફવાઓના મારા વચ્ચે ગ્રામજનોનો ઉજાગરા કરવા પડી રહ્યા છે. ત્યારે આજે દસક્રોઈ તાલુકાના ચાંદીયેલ ગામે સ્વરક્ષણ સમિતિ દ્વારા સંમેલન યોજવામાં આવ્યું હતું. સમિતિના સભ્યો ગામનું રક્ષણ કરશે તેમ કન્વીનર જગદીશભાઈ ઠાકોર એડવોકેટે જણાવ્યું છે.

આજે દસક્રોઈ તાલુકાના ચાંદીયેલ ગામ પાસે આવેલ ખાંટા આંબા હોટલ પાસે સ્વરક્ષણ સમિતિ દ્વારા વિશાળ સંમેલન યોજવામાં આવ્યું હતું. જેમાં ગુજરાત વિરોધ પક્ષના નેતા શંકરસિંહ વાઘેલા, પૂર્વ સંસદસભ્ય જગદીશ ઠાકોર સહિત અનેક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતાં. અમદાવાદ-ગાંધીનગર જિલ્લાના ગામડાઓમાં આતંકવાદી, ચોર, લુંટારુઓની અફવાઓના કારણે જનજીવન અસ્તવ્યસ્ત બની ગયું છે ત્યારે સમિતિ દ્વારા દરેક ગામમાં દસ યુવાનોને જોડવામાં આવશે અને આ યુવાનો આખા ગામને લોખંડી સુરક્ષા પુરી પાડશે ત્યારે પુરા ગામના નાગરિકોને ઉજાગરા કરવાની જરુર પડશે નહિ.

વાઘેલાએ જણાવ્યું હતું કે ગામ લોકોએ સ્વરક્ષણ માટે સ્વરક્ષણ સમિતિ બનાવી છે અને આજે સ્વરક્ષણ સંમેલન બોલાવ્યું છે. સ્વરક્ષણ સમિતિના કન્વીનર જગદીશભાઈએ જણાવ્યું છે કે તમે



આ સ્વરક્ષણ સમિતિના કન્વીનર તરીકે વધારે લોકોને સમાવેશ કરતી સમિતિઓ બનાવો. આપણે આપણા રક્ષણની જવાબદારી ઉઠાવીએ તેવું આયોજન કરજો અફવા ફેલાય નહી તેના માટે આ સંમેલન બોલાવ્યું છે. અફવા ફેલાવવા માટે નહીં, કાયદો અને વ્યવસ્થા હાથમાં લેવી નહીં, તે જળવાય તેના માટે યોગ્ય વ્યવસ્થા કરવી તેની સમજણ માટે આ પ્રયોગ છે. પરંતુ જો આવી જ રીતે ગુજરાતની પ્રજા સાથે વ્યવહાર થવાનો હોય, ભાજપની સરકાર પોલીસનો દુરુપયોગ કરવાની હોય અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવામાં નિષ્ફળ ગયેલ ભાજપ સરકાર જે રીતે વ્યવહાર કરી રહી છે. આખા ગુજરાતમાં અને ગરીબો પર લાઠીચાર્જ, ટીયરગેસ, ફાયરીંગ, ખોટી ધરપકડ કરી રહી છે તો આ સરકારને ચેવતણી આપવા માંગુ છું કે આખું ગુજરાત ભડકે બળશે જેની સમગ્ર જવાબદારી સરકારની રહેશે. આ જ પ્રમાણે કરશો તો અમે મેદાને જંગમાં ઉતરીને ગમે તેટલા ઉજાગરા કરવા પડશે તો તે કરીને પણ લોકોની વચ્ચે ઉભા રહીશું.

શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે અમે જયાં હોઈશું ત્યાં તમારા પ્રતિનિધિ છીએ. તમારું ધ્યાન રાખવું અમારી પ્રાથમિક ફરજ છે. સાચા અર્થમાં નોંધારાના આધાર તરીકે જયાં બૂમ પડે ત્યાં પહોંચવાની અમારી ફરજ છે. ગુજરાતના નાગિરકોને ન્યાય મળે તેની સાચી કોશિષ કરવી જોઈએ. રાજકારણ માટે કયારેય સમાજનો દુરુપયોગ નહીં કરીએ અને સદાય તમારી પડખે રહીશું તેમ અંતમાં શ્રી શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું હતું અને સંલમેનમાં ઉપસ્થિત સહુ કોઈનો આભાર વ્યકત કર્યો હતો.

## ભાવસાર મિત્ર મંડળ તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનશે

ગાંધીનગર, તા.૬

ભાવસાર મિત્ર મંડળ ગાંધીનગર દર વર્ષે સમાજના તેજસ્વી રત્નોનું પારિતોષિક આપી સન્માન કરે છે. ચાલુ વર્ષે જુનિયર કે.જી.થી અનુસ્નાતક કક્ષા સુધીના વિદ્યાર્થીઓને આગામી સમયમાં સન્માનિત કરશે ત્યારે તેજસ્વી વિદ્યાર્થી વિદ્યાર્થીનીઓએ આગામી તા. ૩૧ જુલાઈ સુધી પરિણામની નકલ મંડળના હોદ્દેદારોને મોકલી આપવા જણાવાયું છે. જેમાં વિદ્યાર્થીનું પુરું સરનામું, દુરભાષ નંબર દર્શાવવા મંડળના પ્રમુખ મહેન્દ્ર ભાવસારે અનુરોધ કર્યો છે.

## અશક્તોને સહાય આપવામાં આવી

ગાંધીનગર, તા. ૬

ગજાનન સેવા સમિતિ દ્વારા દહેગામ તાલુકાના ૧૨ ગામોમાં સેવાકાર્ય કરાયું જેમાં ૧૦૬ વૃદ્ધ મહિલાઓ અને નિરાધાર બહેનોને ખાદ્ય સામગ્રીની કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સેવા કાર્યમાં જનાર્ધનભાઈ, મિલિન્દભાઈ. ડૉ. અતુલ પંડ્યા ઉપસ્થિત રહ્યા હતા.

## એમ.બી. પટેલ શાળામાં વાલી મિટીંગ યોજાઈ

ગાંધીનગર, તા.૬

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી સંચાલિત શ્રીમતી એમ.બી. પટેલ કન્યા પ્રા. શાળાની ધો-૧ અ અને ૨ની વિદ્યાર્થીનીઓના અભ્યાસ સંબંધી, શાળાઓના નિયમ તથા શાળાના શિક્ષકોનો પરિચય વાલીને થાય તેવા હેતુસર વાલીમીટીંગનું આયોજન શાળાના સેમિનાર હોલમાં કરવામાં આવ્યું હતું. આ મીટીંગ દરમિયાન બાળકોમાં રહેલી સુષુપ્ત શકિતઓને બહાર લાવવાના હેતુસર એક સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરવામાં આવ્યો હતો. મીટીંગનું આયોજન વર્ગશિક્ષક મિત્રો તથા શાળાના મદદનીશ શિક્ષિકા રાવલ જયોત્સનાબેને કર્યું હતું.

# સમસ્ત મોચી સમાજ દ્વારા જીવનસાથી પસંદગી મેળો યોજાશે

ગાંધીનગર, તા. ૬

સમસ્ત મોચી સમાજના લગ્નોત્સુક યુવક-યુવતિઓ માટે જ્ઞાનજયોત માસિક દ્વારા અમદાવાદ ખાતે સત્તરમાં જીવનસાથી પસંદગી મેળાનું આયોજન કર્યુ છે. સમાજના યુવક યુવતિઓને લાભ લેવા જણાવાયું છે.

અમદાવાદ સ્થિત જ્ઞાન જયોત માસિકના નેજા હેઠળ સમસ્ત મોચી સમાજના યુવક-યુવતિઓનો જીવનસાથી પસંદગી મેળો યોજવામાં આવશે. પસંદગી મેળો ચાર ગ્રુપમાં યોજવામાં આવનાર છે. જેમાં પ્રથમ ગ્રુપમાં ડૉકટર, એન્જીનીયર, વકીલ, ફાર્મસી, પી.ટી.સી., સ્નાતક, અનુસ્નાતક, બીજા ગ્રુપમાં એસ.એસ.સી. થી સ્નાતક, ત્રીજા ગ્રુપમાં એસ.એસ.સી.થી ઓછુ ભણેલા અને ચોથા ગ્રુપમાં અપંગ, ત્યકતા, વિધવા, વિધૂર, બીજવર, છૂટાછેડા લીધેલ યુવક-યુવતિઓ માટે રહેશે. ત્યારે પસંદગી સંમેલનમાં જોડાવા ઈચ્છુક યુવક-યુવતિઓએ મહેન્દ્ર ચૌહાણ - ૯૪૨૭૦૫૬૮૪૫, કાન્તીભાઈ પરમાર - ૯૬૦૧૪૩૧૮૩૧ પર સંપર્ક કરવા જણાવ્યું છે.

## મત્સ્યોદ્યોગ ખાતાના કર્મચારીઓની વાર્ષિક સાધારણ સભા, વિદ્યાર્થીઓનો સન્માન સમારોહ યોજાયો

ગાંધીનગર, તા. ૬

મત્સ્યોદ્યોગ ખાતાના કર્મચારીઓની સાધારણ સભા અને સભાસદોના તેજસ્વી વિદ્યાર્થીઓનો ઈનામ વિતરણ સમારોહ યોજવામાં આવ્યો હતો.

મસ્ત્યોદ્યોગ ખાતાના કર્મચારીઓની વાર્ષિક સાધારણ સભા પ્રદ્યુમનસિંહ વાઘેલાના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. જેમાં વર્ષ-૨૦૧૪-૧૫ના હિસાબો રજુ કરવામાં આવ્યા હતા. ત્યારબાદ સભાસદોના તેજસ્વી બાળકોનું સન્માન કરવામાં આવ્યું હતું. ૩૨ વિદ્યાર્થીઓને વિદ્યાપુરસ્કારથી સન્માનિત કરાયા હતા. આ પ્રસંગે કમિશનર એમ.એ. નરમાવાલા, નિવૃત્ત નાયબ કમિશનર એ.યુ. બુચ, મંડળના ઉપપ્રમુખ જી.એચ. મદલાણી સહિત ઉપસ્થિત રહ્યા હતા.

# શ્યામાપ્રસાદને જન્મદિને પુષ્પાંજલિ

અમદાવાદ, તા.૬

મુખ્યમંત્રી આનંદીબેન પટેલ શ્યામાપ્રસાદ મુખરજીની ૧૧૫મી જન્મતિથીએ આજે વિધાનસભા



પરિસદમાં તેમના તૈલચિત્ર સમક્ષ પુષ્પાંજલિ અર્પણ કરી કૃતજ્ઞતા પ્રગટ કરી હતી. મુખ્યમંત્રીએ સ્વાતંત્ર્ય સંગ્રામમાં મહાત્મા ગાંધી અને સરદાર સાહેબના અદના સાથે તરીકે તેમણે આપેલા યોગદાન અને દેશપ્રેમ ભાવવાનું સ્મરણ કર્યુ હતું. આનંદીબેને શ્યામાપ્રસાદજીની આઝાદી માટે મરી ફિટવાની દેશદાઝ આજે હરેક દેશવાસીઓ માટે પ્રેરણા સ્રોત છે અને અખંડ ભારત માટે સંકલ્પબધ્ધાતાનો અવસર પૂરો પાડે છે તેમ પણ આદરાંજલિ પાઠવતાં ઉમેર્યું હતું. આ પ્રસંગે વિધાનસભા અધ્યક્ષ ગણપતસિંહ વસાવા, દંડક પંકજભાઈ દેસાઈ, મંત્રી ભુપેન્દ્રસિંહજી ચુડાસમા અને ધારાસભ્યોએ પણ ઉપસ્થિત રહી શ્યામાપ્રસાદ મુખરજીને આદર સહ સ્મરણાંજલિ પાઠવી હતી.

## ભાદરવી પૂનમના મેળાને લઈ જય અંબે પરિવાર બેઠક યોજશે

ગાંધીનગર, તા.૬

બોલ મારી અંબે... જય જય અંબેના જય ઘોષ સાથે સમગ્ર રાજયભરમાંથી આરાસુરની આદ્યશકિતના દર્શન કરવા પગપાળા સંઘો નીકળે છે. ગાંધીનગર સ્થિત જય અંબે પરિવાર દ્વારા ભાદરવી પૂનમના મહામેળાના આયોજન માટે ગાંધીનગર દહેગામ ઝોન સંઘોની બેઠકનું આયોજન કર્યુંછે. ગાંધીનગર દહેગામ ઝોન સંઘના બે પ્રતિનિધિઓને ઉપસ્થિત રહેવા આમંત્રણ પાઠવવામાં આવશે ત્યારે બેઠકમાં હાજર રહેનાર પ્રતિનિધિએ પોતાની સંપૂર્ણ વિગત સાથે ૨૧ જુલાઈ દરમિયાન ૯૮૨૪૩ ૪૯૯૪૦ પર સંપર્ક કરવા જય અંબે પરિવાર દ્વારા જણાવાયું છે.

## શિક્ષકો માટે મોટીવેશન કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૬

સેકટર-૫માં આવેલ પ્રેરણા વિદ્યાલય અને સરસ્વતી વિદ્યાલય દ્વારા શિક્ષકો માટે મોટીવેશન કાર્યક્રમનું આયોજન કર્યુંહતું. શિક્ષકો વધુ તાલીમ મેળવી વિદ્યાર્થીઓને તેનાથી પણ વધારે જ્ઞાન પીરસે તે હેતુથી મોટીવેશન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. પ્રેરણા વિદ્યાલય કેમ્પસમાં સરસ્વતી વિદ્યાલય અને પ્રેરણા વિદ્યાલયના શિક્ષકો માટે શાળા સંચાલકો દ્વારા મોટીવેશન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. શિક્ષકોની આંતરિક શકિતઓ વિકસે અને તેનો ફાયદો શાળાના વિદ્યાર્થીઓને થાય તેવા ઉમદા હેતુથી કાર્યક્રમ યોજાયો હતો. મોટીવેટર મૌલિકભાઈ સોનીએ બંને શાળાના ઉપસ્થિત શિક્ષકોને વિવિધ ક્રિયાઓ દ્વારા મહિતી આપી હતી.

## ગુજરાતી માધ્યમનો વિદ્યાર્થી ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સમાજના લાયબ્રેરીનો ભરપુર ઉપયોગ કર્યો હતો. આ ઉપરાંત તેમણે ગુજરાત યુનિવર્સિટી પાસે સૂરજ પરમારના ક્લાસીસમાં સઘન તાલીમ મેળવી હતી.

ઉત્સવ પરમારને પિતા ધનજીભાઈ પાસેથી નાનપણથી જ કલેક્ટર બનવા માટેની પ્રેરણા મેળવતા રહ્યા હતા. પિતાએ કરેલા આયોજન અને માતાની કરકસર થકી તેમને બહુ નાણાંકીય મુશ્કેલી ક્યારેય નડી નહી. માતા હંસાબેન તેમના સેક્ટરની આર્થિક-સામાજિક રીતે નબળી મહિલાઓ અને સખી મંડળની બહેનોને હંમેશા મદદરૂપ બનતા રહ્યાં છે. માતા કહે છે અમે ઉત્સવને ક્યારેય ઉંઘતા જોયો નથી કારણ કે તે એટલી મહેનત કરતો કે અમે ઊંઘીયે પછી તે ઊંઘતો અને અમે જાગીએ તે પહેલા તો જાગીને વાંચવા બેસી જતો હતો. ઉત્સવ પરમાર જણાવે છે કે તેમને શાળાના તમામ શિક્ષકો-આચાર્ય વગેરેએ હંમેશા પ્રેરણા પુરી પાડી છે અને ગાંધીનગરની તમામ સંસ્થાઓએ ભરપુર સહયોગ આપ્યો છે, ખાસ કરીને ગાંધીનગર સમાચારમાં કોલમ લખવાને કારણે તેમની લેખન શૈલીનો વિકાસ થયો છે, પોતાની વાત સંક્ષિપ્તમાં કહેવાની ખૂબી શીખવા મળી છે. પોતાની શૈક્ષણિક કારકિર્દી દરમ્યાન ૧૫૦થી પણ વધુ પ્રમાણપત્રો-ઈનામો મેળવનાર ઉત્સવ પરમારને લેખક તરીકે પોતાના વિચારો સમાજ સુધી પહોંચાડવા છે, ઉચ્ચ અધિકારી બની ભારતના બંધારણના મૂળભૂત અધિકારોનું રક્ષણ કરતા લોકોને ઉપયોગી થવુ છે અને બંધારણના ઘડવૈયા ડૉ. આંબેડકરના સપનાઓ પુરા કરવા પોતાનું યોગદાન આપવું છે. ઉત્સવ પરમારે યુપીએસસીમાં પસંદગી પામીને ગાંધીનગરનું ગૌરવ તો વધાર્યુ જ છે પરંતુ સાથે સાથે શહેરના વિદ્યાર્થીઓમાં પ્રેરણા સીંચવાનું કાર્ય પણ કર્યુ છે ત્યારે નગરજનો, અગ્રણીઓ અને સાહિત્યકારો તરફથી તેમને અનેક શુભેચ્છાઓ પ્રાપ્ત થઈ રહી છે.

## પૂરક પરીક્ષા આપશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તેમજ ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ૨૧૦૦ જેટલા વિદ્યાર્થીઓ પરિક્ષા આપશે. જયારે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં ૫૯૭ વિદ્યાર્થીઓ પરિક્ષા આપશે.સામાન્ય પ્રવાહની પરિક્ષા માટે ૨ બિલ્ડીંગોમાં બેઠક વ્યવસ્થા ગોઠવાશે. જયારે પુરક પરિક્ષા દરમિયાન કોઈપણ પ્રકારની ગેરરિતિ ન થાય તે માટે સ્કવોર્ડના સભ્યો રાઉન્ડ લેશે. જયારે પરિક્ષા સ્થળો પર ગેરરિતિને ડામવા સી સી ટી વી કેમેરાની વોચ ગોઠવવામાં આવશે. પરિક્ષા સ્થળો આસપાસના ઝેરાક્ષ સેન્ટરો પણ બંધ રાખવા આદેશ કરાવામાં આવ્યો છે. સી સી ટી વી કેમરાની વોચ હેઠળ પરિક્ષા સ્થળોને આવરી લેવાતા જિલ્લામાં ગેરરીતીના કીસ્સાઓ પ્રકાશમાં આવી રહયા છે. જયારે ચોરીનુ પ્રમાણ પણ અટકી ગયુ છે.ગત બોર્ડની પરિક્ષામાં પણ કેમેરાની વોચના આધારે ગેરરીતીના કીસ્સાઓ પ્રકાશમાં આવતા ઘણાં કિસ્સામાં વિદ્યાર્થીઓના પરિણામો અટકાવવામા આવ્યા હતા. પુરક પરિક્ષાને લઈને વિદ્યાર્થીઓ તૈયારીમાં લાગી ગયા છે.

## જાહેરખબરોનું વિશ્વ (પાના નં. ૬ નું ચાલુ)

''નથી આવતી એ બધાને ખબર છે,
છતાં પણ બધાને મજા રાખવી છે.
પૂછો તો કહે છે 'મજામાં - મજામાં',
હજી તો વધારે મજા ચાખવી છે.
ફરિયાદ કોને કરું હું બધાંની?
બધાંને ય મારે મજા આપવી છે.
મજાની એ ફરિયાદ કોને કરું હું?
મજાને ય મારે મજા આપવી છે.''

આપણા જીવનમાં બનતી ગમતી કે ન ગમતી ઘટનાઓને આપણે બધાની સામે પ્રદર્શિત ન કરી શકીએ એ સમજી શકાય તેવી બાબત છે પણ આપણા અંગત એવા બે-ચાર વ્યક્તિઓ તો હોય કે જે વગર કહ્યે જ આપણી આંખો અને મન બંને વાંચી લે અને આપણને પણ ઉપકારનો અહેસાસ કરાવ્યા વિના આપણને હળવાફૂલ બનાવી દે! ત્રણ કલાકના પિક્ચરને જોઈને તેના હીરો કે હીરોઈન જોડે આપણે આપણી જાતને સરખાવી ન શકીએ પણ બે મિનિટની જાહેરાત કયારેક અચાનક જ આપણને 'ક્લિક' કરી જાય અને આપણા હૈયાને સ્પર્શી જાય! ભલે આ જાહેરખબરો વસ્તુઓના માર્કેટીંગ માટે બનતી હોય પણ માનવીના મનને પણ એ ઘણીવાર સ્પર્શી જતી હોય છે! બે સેકન્ડથી લઈને બે મિનિટ સુધીની આ જાહેરખબર ઘણીવાર બે-ત્રણ દિવસ સુધી આપણા મનમાં એ વિચારને રમતો મૂકી જાય છે! આપણી સંવેદના કયારીમાં એ ખાતર અને પાણી જેવું કામ કરી જાય છે અને એમાં લાગણી, પ્રેમ અને અનુકંપા જેવા પુષ્પો મ્હોરી ઊઠે છે! તો આવો, સલામ કરીએ જાહેરાતો બનાવનાર એ તમામ લોકોને કારણ કે તેમના પ્રોફેશનલ વર્લ્ડમાં એક વિશાળ ભાવવિશ્વ છુપાયું છે જે આપણે સૌ નિહાળી પણ શકીએ છીએ અને તેને મન ભરીને માણીએ પણ છીએ અને જો એ પ્રોડક્ટ ખરીદવાનું મન થઈ જાય તો તો વળી એથીય વિશેષ આનંદ!

૮૭ કાઉન્ટર સાથે એન્જિનિયર્સ અને બિલ્ડર્સનું સૌથી મોટું નેટવર્ક ધરાવતી ફર્મ
UltraTech CEMENT The Engineer's Choice
STEEL TIGER
KAMDHENU STEEL
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ ESTD. 1983
કૈલાસ ટ્રેડર્સ (લોદ્રાવાળા)
● ગોડાઉન : ખ-૨ ચોકડી, સે.૪સી કોર્નર ●
મોબાઈલ : ૯૯૯૮૪૭૩૨૦૦, ૯૮૨૫૯ ૪૭૮૭૮, ૨૩૨ ૨૩૮૦૧

SANGHI CEMENT
Kisan
ashirvad C. PVC, UPVC
VINAYAK 500 TMT BARS - ISI
BENELAVE BATH FITTINGS
DR.FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ